બોરસદની ડાલી ચોકડી પર પશુના અડિંગાથી વાહન ચાલકો પરેશાન

બોરસદ - ખંભાતના ગ્રામ્ય વિસ્તારને જોડતી ડાલી ચોકડી રખડતાં પશુઓને કારણે માર્ગ બંધ હોય તેવી પરિસ્થિતિ

(પ્રતિનિધિ) બોરસદ, તા.3

બોરસદની ડાલી ચોકડી વિસ્તારમાં દિવસભર વાહનોની મોટી સંખ્યામાં અવરજવર રહે છે. આ વિસ્તારમાં રસ્તાઓ પર રખડતા પશુઓના અડીંગાના કારણે નાગરિકો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. તેમાંય શાળાએ જતા વિદ્યાર્થીઓ અને સવારે સાંજે બજારમાં ખરીદી કરવા જતા મહિલા ક્યાંથી રસ્તો પાર કરવો ? તે અંગે અસમંજસમાં મૂકાયા છે. વળી રોડ પરથી પસાર થતા અધિકારી - પદાધિકારી પણ આંખ આડા કાન કરી પસાર થતા હોવાનો નાગરિકોએ આક્ષેપ કર્યો છે.

બોરસદ અને ખંભાત તાલુકાના વિવિધ વિસ્તારો મહત્વના ગણાતા અને ધમધમતા મુખ્ય બજાર સમાન ડાલી ચોકડી નજીક રોડ ઉપર ગાયોનો અડીંગો હોવાના કારણે વાહન માટે માર્ગ બંધ હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. નાના વિસ્તાર સિવાયના કોઈ રોડ પરથી વાહન પસાર થઈ શકતા નથી. બીજી તરફ અચાનક આવતા વાહન ચાલકો સ્લીપ પણ ખાઇ જતા હોય છે. ત્યારે ઘણીવાર બાજુમાંથી પસાર થવા જતા વાહનચાલકો સામસામે અથડાતા કોઈવાર વાહન ચાલકો વચ્ચે ઘર્ષણ સર્જાય છે.

ડાલી ચોકડી વિસ્તાર મહીકાંઠા પંથકના લોકો માટે મુખ્ય મથક સમાન છે. ડાલી ચોકડી જતા આવતા લોકોને ઘણી જ હાલાકી ભોગવવી પડી રહી છે. ચોકડી આસપાસ જ રખડતાં પશુઓનો મોટા અડીંગો છે. પરંતુ અહીથી પસાર અધિકારીઓ પદાધિકારીઓ આંખ આડા કાન કરી બાજુમાંથી ચાલ્યા જતા હોવાનું નાગરિકો રોષપૂર્વક જણાવ્યું હતું. આ અંગે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરી રખડતા પશુઓની સમસ્યાના નિવારણ માટે કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે.

મહેમદાવાદમાં ઘર પાસે પાર્ક કરેલી રીક્ષા ચોરાઈ

(પ્રતિનિધિ) મહેમદાવાદ, તા.3

મહેમદાવાદમાં રહેતા શંકરભાઇ મણીભાઇ ઠાકોરે બચત પર રીક્ષા લીધી હતી.તેઓ 1લી ઓક્ટોબરના રોજ પેસેન્જર રીક્ષા ફેરવી રાત્રે આઠેક વાગ્યે ઘરે આવ્યા હતા. અને ઘર પાસે રીક્ષા પાર્ક કરી જમી પરવારી સુઇ ગયા હતા. દરમિયાનમાં અજાણ્યો શખસ રીક્ષા ચોરી કરી ગયો હતો. શંકરભાઇ રાત્રે અગિયારેક વાગે બાથરૂમ કરવા માટે ઉઠવાનું થતા પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા જોવા મળી ન હતી. જેથી શંકરભાઇ અચંબામાં મુકાયા હતા. તેઓએ રીક્ષાની શોધખોળ કરી હતી..જે પછીથી રીક્ષાનો કોઇ અત્તપત્તો ન મળતા આખરે તેમણે રીક્ષા નં.જીજે07એટી7789 ની ચોરી થઇ જવા અંગે અજાણ્યા ઇસમો વિરૂધ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

સંતરામપુરના સંત ને કુરેટામાં વીજ સમસ્યાથી પ્રજા પરેશાન

સંતરામપુરની જીઈબી ઓફિસમાં મધરાતે રોષ ઠાલવ્યો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.3

સંતરામપુર તાલુકાના સંત અને કુરેટા વિસ્તારમાં નિયમિત રીતે અનિયમિત રહેતા ભારે રોષની લાગણી જન્મી હતી. આથી રોષે ભરાયેલાં ગ્રામજનોએ કચેરી પર હલ્લાબોલ કર્યો હતો.

સંતરામપુર તાલુકાના સંત અને કુરેટા વિસ્તારના લોકોએ વીજ સમસ્યાને લઈ જીઈબીની સંતરામપુર ઓફિસ પર રાત્રિના સમયે આવી ઊગ્ર રોષ સાથે રજુઆત કરી હતી. સંતરામપુર તાલુકાના સંત વિસ્તાર અને કુરેટા વિસ્તારના નાગરિકોએ ગત રાત્રે મોટી સંખ્યામાં ભેગા થઈ જીઈબી (વિજળી વિભાગ)ની ઓફિસ સામે ઊગ્ર રજુઆત માટે ઉપસ્થિત થયા હતા. ગામમાં છેલ્લા ઘણા સમયથી વીજ પુરવઠામાં અવારનવાર અવરોધ થવાથી ત્રાસી ગયેલા ગ્રામજનોએ પોતાના વિસ્તારની વીજ સમસ્યાઓને લઈ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

આ અંગે ગ્રામજનોએ રોષ પૂર્વક જણાવ્યું હતું કે, લાઈટ અમુક અમુક સમયે સતત અવર-નવર જતી રહે છે. જેથી ઘરકામમાં તથા વિદ્યાર્થીઓને ભણવામાં તકલીફ પડે છે, જેથી તેમનાં અભ્યાસ પર અસર પડી રહી છે. આ વીજ સમસ્યાઓ અંગેની ફરિયાદ કરવા માટે ઓફિસના કન્ટ્રોલ રૂમ કે અધિકારીઓના ફોન નંબર પર સંપર્ક કરીએ તો ફોન લાગતાં નથી. તેમાંય ઓફિસ પર જઈ ફરિયાદ કરીએ ત્યારે પણ અમુક કર્મચારીઓ દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવતો ન હોવાનો પણ ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.

વરેઠામાં વીજળી પડતાં પિતાનું મોત, દિકરી દાઝી

બાલાસિનોર ધારાસભ્ય દ્વારા સહાય ચુકવવા માગણી કરાઇ

(પ્રતિનિધિ) વીરપુર તા.3

વીરપુરના વરેઠા ગામમાં વીજળી પડતાં પુત્રી સામે જ પિતાનું મોત નિપજ્યું હતું. જ્યારે પુત્રી ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

વીરપુર તાલુકાના બોર ગ્રામ પંચાયતના વરેઠા ગામના રમેશભાઈ રામાભાઈ પરમાર અને તેમની દીકરી સંજનાબેન સાંજના સમયે તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા. એ સમયે અચાનક વિજળી કડાકા સાથે આકાશી વીજળી બંને પર ત્રાટકી હતી. આ ઘટના બાદ બન્ને બેભાન થઈ જતાં ગ્રામજનો દોડી આવ્યાં હતાં અને તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે રમેશભાઈ પરમારને મૃત જાહેર કર્યા હતા. જ્યારે દીકરી સંજનાબેન પરમારની સારવાર શરૂ કરી હતી. આ ઘટનાથી ભારે શોકની લાગણી જન્મી હતી.

આ ઘટના અંગે બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણે મુખ્યમંત્રી સમક્ષ વળતર અંગે માગણી કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, વીરપુર તાલુકાના મોજે બોર (વરેઠા) ગામમાં વિજળી પડવાના કારણે પરમાર રમેશભાઈ રામાભાઈનું મૃત્યું નિપજ્યું છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાથી સરકાર તરફથી મળવાપાત્ર આકસ્મિક મૃત્યુ સહાય સત્વરે મંજુર કરવા જણાવ્યું હતું.

વીરપુર પંથકમાં દિવાળી ટાણે જ તસ્કરો સક્રિય થતાં ગ્રામ્ય વિસ્તારમાં ફફડાટની લાગણી

વીરપુરના ડેભારી ગામમાં એક જ રાતમાં સાત મકાનના તાળા તૂટ્યાં

ગ્રામજનો ગરબા ઘુમવામાં વ્યસ્ત હતા ત્યારે તસ્કરોએ ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.3

વીરપુર તાલુકાના ડેભારી ગામમાં મોડી રાત્રે ત્રાટકેલા તસ્કરોએ એક જ રાતમાં સાત મકાનના તાળા તાડી ચોરી કરતાં ભારે હોહો મચી ગઈ હતી. નાનકડા ગામમાં થયેલી ચોરીના પગલે પોલીસ પણ દોડી હતી. જોકે, મોડી સાંજ સુધી કોઈ ગુનો નોંધ્યો નહતો. પરંતુ તસ્કરો બાઈક પણ ચોરી કરી ગયાં હોવાનું બહાર આવ્યું હતું.

વીરપુરના ડેભારી ગામમાં નવરાત્રીનો માહોલ જામ્યો હતો અને અંતિમ દિવસોમાં ગ્રામજનો ગરબે ઘુમવામાં વ્યસ્ત હતાં. આ દરમિયાન તસ્કરોએ તક ઝડપી કેટલાક મકાનને નિશાન બનાવ્યાં હતાં. વ્હેલી સવારે ગરબા રમીને પરત આવેલા મકાન માલિકો પોતાના ઘરની હાલત જોઈ ચોંકી ગયાં હતાં. સામાન વેર વિખેર પડ્યો હતો. આ ઉપરાંત એક મકાન બહાર પાર્ક કરેલું બાઈક પણ ચોરી કરી ગયાં હતાં. આ અંગે વીરપુર પોલીસને જાણ કરતાં ટીમ ડેભારી ગામે પહોંચી હતી. જોકે, આ અંગે મોડી સાંજ સુધી કોઈ ગુનો નોંધાયો નહતો.

ઉલ્લેખનીય છે કે, દિવાલીના દિવાસો નજીક આવી રહ્યાં છે, ત્યારે વીરપુર પંથકમાં તસ્કરોએ ધામા નાંખતા ગ્રામજનોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ છે. આ અંગે પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ સહિતની કામગીરી સઘન બનાવવા માગણી ઉઠી છે. હાલ ચોમાસુ પાક પણ તૈયાર થતાં ખેડૂતો તેને વેચી ઘરમાં રોકડ લાવતાં હોય છે, તેવા ટાણે તસ્કરો સક્રિય થતાં ખેડૂતોમાં પમ ચિંતા જન્મી છે.

સારસા-નાવલીમાં5મીએ સામુહિક સંચલન થશે

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદના સારસા અને નાવલી ગામમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા 5મી ઓક્ટોબરના રોજ વિજયાદશમી ઉત્સવ ઉજવવામાં આવશે. આ પ્રસંગે સામુહિક સંચલન યોજાશે. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવક સંઘના સભ્યો જોડાશે.

વિજયાદશમીના દિવસે ડો. હેડગેવારેજી હિન્દુ સમાજની એકતા બની રહે તે હેતુથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યનો પ્રારંભ કર્યો હતો. જેના સો વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. વસુધૈવ કુટુમ્બકમની ભાવના અને સમસ્ત માનવ કલ્યાણ તથા સમરસતાના ભાવ સાથે રાષ્ટ્રસેવા અને રાષ્ટ્ર નિર્માણની યાત્રાનું શતાબ્દી વર્ષ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિજયદશમીનો ઉત્સવ આણંદ તાલુકાના સારસા ઉપખંડનો સારસા બસ સ્ટેન્ડ મુકામે 5મી ઓક્ટોબર, 2025ના રોજ નમતી બપોર 4:00 કલાકે સામુહિક સંચલન અને સમી સાંજે 05:30 કલાકે જાહેર કાર્યક્રમ યોજાશે. જેમાં સૌ નગરજનો, સજ્જન શક્તિ, સ્વયંસેવક બંધુઓને વિજયદશમી ઉત્સવમાં ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત વાસદ ઉપખંડનો નાવલી ગામ મુકામે 5મીની સવારે 9:00 કલાકે સામુહિક સંચલન અને 10:30 કલાકે સંપત થશે. જેમાં મુખ્ય અતિથિ પૂજ્ય પ્રિતમવલ્લભદાસજી સ્વામી દ્વારા આશીર્વચન પ્રાપ્ત થશે. આ નિમિત્તે સૌ નગરજનો, સજ્જન શક્તિ, સ્વયંસેવક બંધુઓને વિજયદશમી ઉત્સવમાં સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચરોતર એજ્યુ. સોસાયટી પર્ફોર્મિંગ આર્ટસ એન્ડ ફાઇન આર્ટસના વિદ્યાર્થી ઝળક્યાં

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટીની પર્ફોર્મિંગ આર્ટસ એન્ડ ફાઇન આર્ટસ એકેડેમીના રાઇફલ શૂટિંગ કોચ પારુલ ભોઈના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી રાઠોડ મૌલિક, પટેલ જાનવી અને મેકવાન પ્રિન્સીએ ગોવામાં યોજાયેલા 12મી વેસ્ટઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં યુથ, સબયુથ અને જુનિયર કેટેગરીમાં ભાગ લઈ મેકવાન પ્રિન્સી 379/400 અને પટેલ જાનવી 369/400 નો સ્કોર મેળવતાં નેશનલ ચેમ્પિયનશિપ માટે પસંદગી પામી છે. સંસ્થાના પ્રમુખ નીરવભાઈ પટેલ, મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ, ડો. નિખિલભાઈ પટેલ, રોહિતભાઈ પંચાલ તથા આચાર્યશ્રી તરફથી અભિનંદન પાઠવ્યાં હતાં.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે જીલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ અંગેની મેગા શિબિર યોજાઇ

આણંદ |આણંદ કૃષિ યુનિવર્સિટી અને આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજનાના 34 કલસ્ટરમાં સંલગ્ન કૃષિ સખી અને કોમ્યુનિટી રીસોર્સ પર્સન દ્વારા પસંદ કરેલ સ્વયં પ્રેરિત ખેડૂતોને રવી ઋતુ પૂર્વે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિનું માર્ગદર્શન મળી રહે અને ખેડૂતો આગામી ઋતુમાં પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે આણંદ જીલ્લાના આઠ તાલુકાઓના ખેડૂતોની મેગા શિબિર યોજાઇ હતી. જેમાં એક હજાર કરતા વધારે ખેડૂતોએ ભાગ લીધો હતો.

કઠલાલમાં સમસ્ત બ્રહ્મ સમાજના ભૂદેવો દ્વારા શસ્ત્ર પૂજન અને અશ્વ પૂજનનો કાર્યક્રમ યોજાયો

કઠલાલ | કઠલાલમાં આવેલી જેબી ફાર્મ ખાતે બ્રહ્મ સમાજ દ્વારા ચાર કાર્યક્રમ એક સાથે યોજવામાં આવ્યો હતો. આ દુષ્કૃત ઉપર સદ કૃતિઓના વિજય સમા વિજયા દશમીના દિવસે જે.બી ફાર્મ પર કઠલાલ સમસ્ત બ્રહ્મ સમાજના ભૂદેવો દ્વારા શસ્ત્ર પૂજન, અશ્વ પૂજન તથા ગાંધી જયંતીના નિમિત્તે ગાંધીજીનું પૂજન, કાર્ય કર્યું હતું. આ સમયે વિશેષમાં બ્રહ્મશક્તિ સેના ખેડા જિલ્લા પ્રમુખ જગદીશભાઈ ભટ્ટ, ગુજરાત સમસ્ત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ પ્રશાંતભાઈ ઠાકર, ખેડા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના સંયોજક ડો. રશ્મિન રાવલ, કઠલાલ શહેર સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પાર્થ વ્યાસ તથા સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

કપડવંજમાં સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા દશેરા પર્વ નિમિત્તે શોભાયાત્રા- શસ્ત્ર પૂજન કરાયા

કપડવંજ | સમસ્ત ક્ષત્રિય સમાજ કપડવંજ તાલુકા દ્વારા ક્ષત્રિય સમાજની યુવા ટીમ દ્વારા આયોજન કરાયું હતું. આ આ પ્રસંગે શોભાયાત્રાનું તથા નાની રત્નાકર માતાએ શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા અને આગેવાનો શસ્ત્ર પૂજન અને શોભાયાત્રામાં જોડાયા હતા. ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાનો જોડાયા હતા.

કપડવંજની કુબેરનગર સોસાયટીમાં 22 વર્ષની પરંપરા મુજબ ભવ્ય વેશભૂષા યોજાઇ

કપડવંજ | કપડવંજની કુબેરનગર સોસાયટીમાં નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીના ચેરમેન પી.એ.પટેલ અને મંત્રી વિજયભાઈ પટેલ અને ખજાનચી મુકેશભાઈ પરીખના જણાવ્યા અનુસાર, સોસાયટીમાં છેલ્લા 22 વર્ષથી નવરાત્રીમાં કુબેરનગર સોસાયટી પરિવાર દ્વારા વિવિધ વેશભૂષા યોજવામાં આવે છે. વર્તમાન સમય સંજોગોને અનુરૂપ સોસાયટીના નાના ભૂલકાઓ બાળકો ભાઈઓ અને બહેનો અને વડીલો જુદા જુદા સ્વરૂપે વેશભૂષા રજૂ કરે છે. જે અંતર્ગત 100 જેટલા સોસાયટીના સ્પર્ધકોએ વેશભૂષામાં ભાગ લીધો હતો.

ખેડાના વાસણા બુઝર્ગ ખાતે ગાંધી જયંતિ નિમિત્તે ખાસ ગ્રામસભા યોજાઇ

ખેડા | વાસણા - બુઝર્ગ ગામ ખાતે ગાંધી જયંતિના દિવસે ખાસ ગ્રામસભા યોજાઇ હતી. જેમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષક આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબહેન ગજ્જર ખાસ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત ગામના સરપંચ, ઉપસરપંચ, શાળાના આચાર્ય, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નડિયાદ, આંગણવાડી વર્કરો, આશા વર્કર બહેનો, આરોગ્ય વિભાગનો સ્ટાફ બહોળા પ્રમાણમાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આદર્શ ગ્રામ બાળ મિત્ર અન્વયે શપથ લેવડાવવામાં આવ્યાં હતાં. જેમાં બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત આપણું ગામ, તાલુકો, જિલ્લો અને રાજ્ય પણ બાળ વિવાહ મુક્ત બને જે માટે ગ્રામસભામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

નડિયાદ શહેરના માઇ મંદિર ખાતે રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન કરાયું

નડિયાદ | નડિયાદના રાજપુત - ક્ષત્રિય એકતા મંચ દ્વારા માઈ મંદિર ખાતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. રાજા-મહારાજાઓ વખતથી વર્ષો જુની ચાલી આવતી રાજપુતો-ક્ષત્રિયોની પરંપરા શસ્ત્ર પુજન દર વર્ષે કરવામાં આવે છે. તે પરંપરા મુજબ દશેરાના શુભ અવસરે રાજપુત ક્ષત્રિય આગેવાનો તથા મોટી સંખ્યા સૌ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે માઈ મંદિરના માઇધર્મ પીઠાધીશ્વર હરેન્દ્ર મહારાજ દ્વારા શસ્ત્રનું પૂજન કરવામાં આવ્યું હતું.

ખેડા નગરપાલિકાના સફાઇ કર્મચારીઓને શ્રેષ્ઠ સફાઇને લઇને ચેક વિતરણ કરાયાં

ખેડા | ખેડા નગરપાલિકાના સભાખંડમાં ગાંધી જયંતિના દિવસે સ્વચ્છતા હી સેવા પ્રોગ્રામ અંતર્ગત એવોર્ડ ચેક વિતરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં હતું. જે અંતર્ગત સફાઇ કામદારોને વધુ પ્રોત્સાહન મળી રહે તે હેતુથી પાલિકાના 13 શ્રેષ્ઠ સફાઇ કામદારને એવોર્ડની સાથે ચેક વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ખેડા પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન પટેલ, ઉપપ્રમુખ અક્ષય ભાવસાર, કારોબારી ચેરમેન અંકિત પટેલ, સેનેટરી ચેરમેન શૈલેષ રાણા, સેનેટરી ઈસ્પેક્ટર પીનાબેન સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદની કિટી કલબ દ્વારા નવરાત્રિ મહોત્સવ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો

આણંદ | આણંદ શહેરની કિટી ક્લબ આણંદ દ્વારા બીજોર નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ અલગ જ અંદાજ સાથે યુનિક ડ્રેસિંગ, ટ્રેડિશનલ ડ્રેસ સાથે નવા રૂપને નવા આયામ સાથે સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ગરબા સ્પર્ધાને 2 વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં 50 વર્ષની નાની ઉંમરની ઉત્સાહી બહેનોએ ગરબા ઘૂમ્યા હતા. જેમાં ડો. કૃપાબેન, સંગીતાબેન, બેલાબેન બેસ્ટ એક્શન, યુનિક ડ્રેસિંગ અને બેસ્ટ ડ્રેસિંગના નંબર આપવામાં આવ્યાં હતાં. જ્યારે મોટી ઉંમરની બહેનોમાં પ્રીતિબેન, ઇનાબેન, કિરણ અરોરા, લીનાબેન, છાયાબેન,મીકીબેન, દીપ્તિબેન અરોરા, હીનાબેન શાહ, અર્ચના શાહ વગેરે ગરબા પ્રેમી ખેલૈયાઓ ગરબામાં વિશિષ્ટ દેખાવ કર્યો હતો.

થર્મલ પાવર સ્ટેશન વણાકબોરી ખાતે દશેરાના પર્વે નિમિત્તે રાવણના પૂતળાનું દહન કરાયું

ગળતેશ્વર | ગળતેશ્વર તાલુકાના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે રીક્રેરેશન ક્લબ દ્વારા થર્મલ રંગ ભવન ગ્રાઉન્ડમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાવણ ગ્રાઉન્ડમાં અને કુંભકર્ણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. આ કાર્યક્રમમાં થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઇજનેર એચ. આર. મર્ચન્ટ, તમામ કર્મચારી મિત્રો રીક્રેરેશન ક્લબના સભ્યો અને કોલોનીમા રહેતા કર્મચારીઓના પરિવારો સાથે તથા આસપાસના ગામોમાં રહેતા ભાવિક ભક્તો જોડાયા હતા. અને પૂતળાનું દહન કરતા પહેલા ગ્રાઉન્ડમાં ફટાકડા ફોડી આતશબાજી યોજી હતી.

ચારુસેટ યુનિ.માં વર્લ્ડ હાર્ટ ડે નિમિત્તે 'રન ફોર હાર્ટ' અંતર્ગત સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન મણિકાકા ટોપાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ (MTIN) દ્વારા વર્લ્ડ હાર્ટ ડેની ઉજવણી નિમિત્તે 'રન ફોર હાર્ટ' અંતર્ગત અનોખો સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'Use Heart for Action' પર થીમ હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ દ્વારા ફ્લેગ ઓફ કરી 'રન ફોર હાર્ટ'નો આરંભ કરાયો હતો. રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ, ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સના ડીન અને બીડીઆઈએએસના પ્રિન્સિપાલ ડો. ધારા પટેલ વિગેરે હાજર રહ્યા હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકવેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com